# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 03-04-2024 બપોરે : 1.20થી 1.30

વાર : બુધવાર

આકાશવાણી સમાચાર ચૈતાલી શાહ વાંચે છે.

---

- ✓ **કેન્દ્રીય મંત્રી ડૉ. એલ મુરુગન અને રાજ્યસભાના 11 અન્ય નવા ચૂંટાયેલા સભ્યોએ આજે રાજ્યસભાના સભ્ય તરીકે શપથ લીધા.**
- ✓ **ચૂંટણી પંચ આજે બપોરે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની કાયદા અમલીકરણ એજન્સીઓ સાથે બેઠક યોજશે**
- ✓ **લોકસભાની ચૂંટણીના પ્રથમ તબક્કા માટેનો ચૂંટણી પ્રચાર વેગવાન બન્યો છે.**
- ✓ **તાઈવાનમાં આજે આવેલા 7.4ની તીવ્રતાના ભૂકંપમાં લગભગ 7 લોકોના મોત અને 700થી વધુ લોકો ઇજાગ્રસ્ત થયા છે.**
- ✓ **અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ જો બાઈડેન અને બ્રિટનના પ્રધાનમંત્રી ઋષિ સુનકે ગાઝામાં ઈઝરાયેલે કરેલા હુમલામાં માર્યા ગયેલા સાત માનવતાવાદી સહાય કર્મચારીઓના મોતની ટીકા કરી છે.**
- ✓ **આઈપીએલ ક્રિકેટમાં આજે વિશાખાપટ્ટનમમાં દિલ્હી કેપિટલ્સનો મુકાબલો કોલકાતા નાઈટ રાઈડર્સ સામે થશે.**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## *RS-OATH*

કેન્દ્રીય મંત્રી ડૉ. એલ મુરુગન અને રાજ્યસભાના 11 અન્ય નવા ચૂંટાયેલા સભ્યોએ આજે રાજ્યસભાના સભ્ય તરીકે શપથ લીધા. ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખડે સંસદ ભવનમાં તેમને શપથ લેવડાવ્યા હતા. સભ્યોમાં બિહારના પ્રોફેસર મનોજ ઝા, ધર્મશિલા ગુપ્તા અને સંજય યાદવ, હિમાચલ પ્રદેશના હર્ષ મહાજન, હરિયાણાના સુભાષ ચંદર, મહારાષ્ટ્રના મેધા કુલકર્ણી અને ચંદ્રકાંત હંડોર, કર્ણાટકના જીસી ચંદ્રશેખર, ગુજરાતના ગોવિંદભાઈ ધોળકિયા, ઉત્તર પ્રદેશના સાધના સિંહ અને મધ્યપ્રદેશના અશોક સિંહે શપથ લીધા હતા.

ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ડૉ. મનમોહન સિંહ સહિત રાજ્યસભાના 56 સભ્યો આ અઠવાડિયે ઉપલા ગૃહમાંથી નિવૃત્ત થયા છે.

.................

## *EC - LAW AND ORDER*

ચૂંટણી પંચ આજે બપોરે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની કાયદા અમલીકરણ એજન્સીઓ સાથે બેઠક યોજશે અને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની સમીક્ષા અને મૂલ્યાંકન કરશે. આ બેઠકમાં આંતર-રાજ્ય અને આંતરરાષ્ટ્રીય સરહદો પર કડક તકેદારી રાખવા સંબંધિત પગલાઓની પણ સમીક્ષા કરવામાં આવશે.

ગઈકાલે, ચૂંટણી સંસ્થાએ આગામી લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ દરમિયાન નિર્ણાયક પ્રતિસાદ અને સતર્ક દેખરેખ પ્રદાન કરવા માટે છ રાજ્યોમાં વિશેષ નિરીક્ષકોની નિમણૂક કરી હતી. રાજ્યો પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર

અને બિહાર છે જ્યાં વસ્તી સાત કરોડથી વધુ છે અને આંધ્ર પ્રદેશ અને ઓડિશા સાથે જ્યાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે. પંચે આંધ્ર પ્રદેશ, કર્ણાટક, તમિળનાડુ, ઉત્તર પ્રદેશ અને ઓડિશામાં ચૂંટણીમાં નાણાંની શક્તિને અંકુશમાં લેવા અને વર્તમાન ચૂંટણી ખર્ચની દેખરેખને મજબૂત કરવા માટે વિશેષ ખર્ચ નિરીક્ષકોને પણ તૈનાત કર્યા છે.

.................

## *KERALA NOMINATIONS*

લોકસભાની ચૂંટણીના પ્રથમ તબક્કા માટેનો ચૂંટણી પ્રચાર વેગવાન બન્યો છે.

કોંગ્રેસના નેતા અને કેરળની  વાયનાડ લોકસભા બેઠકના વર્તમાન સાંસદ રાહુલ ગાંધી આજે વાયનાડથી તેમનું  ઉમેદવારીપત્ર ભરશે.

તેઓ કાલપેટ્ટામાં ચૂંટણી રેલી કરશે. તેમા પક્ષના મહાસચિવ કેસી વેણુગોપાલ, પ્રિયંકા ગાંધી અને અન્ય વરિષ્ઠ નેતાઓ ભાગ લેશે.

કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા-સીપીઆઈના એની રાજા પણ લેફ્ટ ડેમોક્રેટિક ફ્રન્ટ-એલડીએફ વતી તેમનું  ઉમેદવારી પત્ર ભરશે. ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ. સુંદરન પણ આવતીકાલે તેમની  ઉમેદવારી નોંધાવશે.

આ બેઠક પર LDF, UDF અને NDA ઉમેદવારો વચ્ચે ત્રિકોણીય મુકાબલો થશે. કેરળમાં આગામી 26 એપ્રિલે મતદાન થશે. ઉમેદવારીપત્ર ભરવાનો આવતીકાલે છેલ્લો દિવસ છે, 5મી એપ્રિલે તેની ચકાસણી થશે અને 8મી એપ્રિલ સુધી નામો પરત  ખેંચી શકાશે.

મધ્યપ્રદેશમાં 26 એપ્રિલે  યોજાનારા લોકસભા ચૂંટણીના બીજા તબક્કામાં સાત બેઠકો માટે 27 ઉમેદવારી પત્રો ભરાયા છે. દરમિયાન, પ્રથમ તબક્કાની ચૂંટણી માટે પ્રચાર વેગવંતો બન્યો છે.

.................

## *Jammu and Kashmir Udhampur region*

જમ્મુ-કાશ્મીરમાં ઉધમપુર લોકસભા ક્ષેત્રમાં પ્રથમ તબક્કામાં 19 એપ્રિલે મતદાન થશે.

આ સમયગાળા દરમિયાન 16 લાખ 23 હજારથી વધુ મતદારો 12 ઉમેદવારોના ભાવિનો નિર્ણય કરશે. ઓલ ઈન્ડિયા રેડિયોના જમ્મુ સંવાદદાતાએ જણાવ્યું છે કે ઉધમપુર સંસદીય મતવિસ્તાર 5 જિલ્લાઓમાં ફેલાયેલો છે, જેમાં કિશ્તવાડ, ડોડા, રામબન, ઉધમપુર અને કઠુઆનો સમાવેશ થાય છે. આ વિસ્તારમાં 16 લાખ 23 હજાર એકસો 95 નોંધાયેલા મતદારો છે. પ્રદેશના તમામ ભાગોના મતદારોની સુવિધાને ધ્યાનમાં રાખીને  ચૂંટણી પંચે બે હજાર છ સો ત્રીસ મતદાન મથકો બનાવ્યા છે, જેમાંથી બે હજાર ચારસો પંચાવન મતદાન મથકો ગ્રામ્ય વિસ્તારોમાં છે અને 180 શહેરી વિસ્તારોમાં છે.

.................

## *BJP-AAP*

ભાજપે આમ આદમી પાર્ટીના નેતા અને દિલ્હીના મંત્રી આતિશીને કાનૂની નોટિસ પાઠવી છે.

આજે પત્રકારો સાથે વાત કરતાં દિલ્હી બીજેપી ચીફ વીરેન્દ્ર સચદેવાએ આતિશી ખોટું બોલી રહ્યા હોવાનું અને તેમના આરોપો પાયાવિહોણા હોવાનું જણાવ્યું હતું. શ્રી સચદેવાએ કહ્યું હતું કે આતિશીને  આ અંગે માફી માંગવા માટે સમય આપવામાં આવ્યો હતો, પરંતુ તેમણે માફી ન  માંગતા  માનહાનિની નોટિસ મોકલવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે આતિશીએ ગઈકાલે ભાજપે પાર્ટીમાં જોડાવા માટે તેમનો સંપર્ક કર્યો  હોવાનો દાવો કર્યો હતો.  જો તેઓ ભાજપમાં જોડાવાનો ઇનકાર કરશે તો એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ એક મહિનામાં તેમની  ધરપકડ કરશે તેવો પણ તેમણે દાવો કર્યો હતો.

દરમિયાન AAP એ તેના તમામ મંત્રીઓ, ધારાસભ્યો, સાંસદો અને પાર્ટીના નેતાઓ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડના વિરોધમાં રવિવારે જંતર-મંતર ખાતે સામૂહિક ઉપવાસ કરશે તેવી જાહેરાત કરી છે.

.................

## *INDIA WORLD BANK*

ભારતીય અર્થતંત્ર 2024માં 7.5 ટકાના દરે વૃદ્ધિ પામશે તેવું અનુમાન છે, વિશ્વ બેંકે જણાવ્યું છે કે, આ જ સમયગાળા માટે તેના અગાઉના અંદાજમાં 1.2 ટકાનો સુધારો કર્યો છે.

વિશ્વ બેંકના સૌથી તાજેતરના દક્ષિણ એશિયા ડેવલપમેન્ટ અપડેટ મુજબ, દક્ષિણ એશિયામાં એકંદરે વૃદ્ધિ 2024માં 6 ટકાની મજબૂત રહેવાની આગાહી છે, જે મોટાભાગે ભારતમાં મજબૂત વિકાસ અને પાકિસ્તાન અને શ્રીલંકામાં રિકવરી દ્વારા સંચાલિત છે.

અહેવાલ મુજબ, દક્ષિણ એશિયા આગામી બે વર્ષ સુધી વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતો પ્રદેશ રહેવાની ધારણા છે, જેમાં 2025માં વૃદ્ધિ 6.1 ટકા રહેવાનો અંદાજ છે.

.................

## *REV. TAIWAN-EARTHQUAKE*

તાઈવાનમાં આજે આવેલા 7.4ની તીવ્રતાના ભૂકંપમાં લગભગ 7 લોકોના મોત અને 700થી વધુ લોકો ઇજાગ્રસ્ત થયા છે. ભૂકંપના આંચકા બાદ સુનામીની ચેતવણી પણ આપવામાં આવી હતી..

ભૂકંપનું કેન્દ્રબિંદુ તાઈવાનના હુઆલીન શહેરથી 18 કિલોમીટર દક્ષિણમાં સમુદ્રમાં લગભગ 19 કિલોમીટરની ઊંડાઈમાં નોંધાયું હતું. તાઈપેઈના ભૂકંપ વિઝ્નાન કેન્દ્રના જણાવ્યા પ્રમાણે તાઇવાન અને દરિયાકાંઠાના વિસ્તારોમાં છેલ્લા 25 વર્ષ દરમિયાન આવેલો આ સૌથી શક્તિશાળી ભૂકંપ હતો. પ્રારંભિક અહેવાલો અનુસાર, ભૂકંપના કારણે હુઆલીન શહેરમાં ઘણી ઇમારતો ધરાશાયી થઈ હતી અને નુકસાન થયું હતું. જ્યારે દક્ષિણ જાપાનમાં સુનામીની ચેતવણી પણ જારી કરવામાં આવી છે. જાપાનના યોનાગુની ટાપુ પર 30 સેમી ઊંચા મોજા નોંધાયા હતા.

દરમિયાન ભારત તાઇપેઇ સંગઠને આ સમયમાં કોઇ પણ પ્રકારની મદદ માટે ઇમરજન્સી હેલ્પલાઇન નંબર શરૂ કર્યો છે. સંગઠને તાઇવાનમાં રહેતાં ભારતીય

નાગરિકોને સ્થાનિક સત્તાવાળા દ્વારા આપવામાં આવતી સલાહનું પાલન કરવા જણાવ્યું છે.

.................

## *US-UK-ISRAEL*

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ જો બાઈડેન અને બ્રિટિનના પ્રધાનમંત્રી ઋષિ સુનાકે ગાઝામાં ઈઝરાયેલે કરેલા હુમલામાં માર્યા ગયેલા સાત માનવતાવાદી સહાય કર્મચારીઓના મોતની ટીકા કરી છે.

શ્રી બાઈડેને ઈઝરાયેલ પર આ કાર્યકરોને પૂરતી સુરક્ષા ન આપવાનો આરોપ લગાવ્યો હતો. આ હુમલામાં બ્રિટન, અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા અને પોલેન્ડના નાગરિકો માર્યા ગયા બાદ ઈઝરાયેલે સ્વતંત્ર તપાસનું વચન આપ્યું છે. માર્યા ગયેલા સહાયક કર્મચારીઓમાં બ્રિટનના ત્રણ અને પોલેન્ડ, ઓસ્ટ્રેલિયા, પેલેસ્ટાઈન, અમેરિકા અને કેનેડાના એક-એક કર્મચારીનો સમાવેશ થાય છે. ઈઝરાયેલના રાષ્ટ્રપતિ આઈઝેક હરઝોગે આ ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું છે.

શ્રી બાઈડેને ઇઝરાયેલની તપાસના તારણો સાર્વજનિક કરવા અને ગુનેગારોને જવાબદાર ઠેરવવા જોઇએ તેમ કહ્યું હતું. બ્રિટિશ પ્રધાનમંત્રી ઋષિ સુનાકે ઈઝરાયલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહુ સાથે વાત કરી હતી અને પારદર્શક તપાસની માગણી કરી હતી.

ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી એન્ટોની અલ્બેનીઝ, કેનેડાના પ્રધાનમંત્રી જસ્ટિન ટ્રુડો અને પોલેન્ડના વિદેશમંત્રી રાડોસ્લાવ સિરકોસેકે પણ સહાયક કાર્યકરોના મોતની ટીકા કરી છે.

.................

## *IPL*

આઈપીએલ ક્રિકેટમાં આજે વિશાખાપટ્ટનમમાં દિલ્હી કેપિટલ્સનો મુકાબલો કોલકાતા નાઈટ રાઈડર્સ સામે થશે. મેચ સાંજે 7.30 વાગ્યે શરૂ થશે.

દરમિયાન ગઇકાલે રમાયેલી મેચમાં લખનૌ સુપર જાયન્ટ્સે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરને 28 રનથી પરાજય આપ્યો હતો.

182 રનના લક્ષ્યાંકનો પીછો કરતા રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરની ટીમ 19 ઓવર અને 4 બોલમાં 153 રન બનાવી શકી હતી. લખનૌ સુપર જાયન્ટ્સ તરફથી મયંક યાદવે ત્રણ વિકેટ ઝડપી હતી.

મયંક યાદવને 'પ્લેયર ઓફ ધ મેચ' જાહેર કરવામાં આવ્યો હતો. આ પહેલા લખનૌ સુપર જાયન્ટ્સે 20 ઓવરમાં 5 વિકેટ ગુમાવીને 181 રન બનાવ્યા હતા. ક્વિન્ટન ડી કોકે સૌથી વધુ 81 રન કર્યા હતા.

.................

## *GOVERNOR OF JAMMU AND KASHMIR*

જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહાએ ગઈકાલે વિવિધ વિભાગોની ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતામાં આગામી ઈદ, નવરાત્રી અને બૈસાખી તહેવારોની તૈયારીઓની સમીક્ષા કરી હતી.

ઓલ ઈન્ડિયા રેડિયોના જમ્મુના સંવાદદાતાએ જણાવ્યું કે લેફ્ટનન્ટ ગવર્નરે જિલ્લા મેજિસ્ટ્રેટ અને વરિષ્ઠ પોલીસ અધિક્ષકોને મુખ્ય ધાર્મિક સ્થળોની મુલાકાત

લેવા અને તહેવારો સાથે સંબંધિત તમામ કાર્યક્રમો સુચારૂ રીતે હાથ ધરવામાં આવે તે સુનિશ્ચિત કરવા અને આ માટે તમામ જરૂરી પગલાં ભરવાનો નિર્દેશ આપ્યો છે

.................